

4

ભારતનો સાહિત્યિક વારસો







- પ્રાચીન ભારતીય સાહિત્ય
- બ્રાહ્મણ ગ્રંથો
- મધ્યકાલીન સાહિત્ય
- ભારતની પ્રાચીન વિદ્યાપીઠો :
- નાલંદા
- તક્ષશિલા
- વારાણસી
- વલભી

1. ભારતમાં વેદો કેટલા છે અને ક્યા ક્યા છે. તે સમજાવો.

- વેદો ચાર છે. (1) ઋગ્વેદ, (2) યજુર્વેદ, (3) સામવેદ અને (4) અથર્વવેદ.

ઋગ્વેદ

- ઋગ્વેદ ભારતીય સાહિત્યનો પ્રાચીનતમ અને 10 ભાગમાં વહેંચાયેલો અદ્ભુત ગ્રંથ છે. તેમાં કુલ 1028 ઋચાઓ(સૂક્તો) છે. તેમાંથી મોટા ભાગની ઋચાઓ દેવોને લગતી સ્તુતિઓ છે. આ સ્તુતિઓ યજ્ઞપ્રસંગે કરવામાં આવતી. તેમાંથી ઉષાને સંબોધન કરતી કેટલીક સ્તુતિઓ મનમોહક છે.

યજુર્વેદ


- યજુર્વેદ યજ્ઞનો વેદ કહેવાય છે. તે ગદ્ય અને પદ્ય સ્વરૂપમાં છે. તેમાં યજ્ઞોના મંત્રો, યજ્ઞની ક્રિયાઓ અને વિધિઓ દર્શાવવામાં આવી છે.


સામવેદ

- સામવેદમાં ઋગ્વેદની ઋચાઓનું ગાન કરવાની વિધિ દર્શાવી છે. એ શ્લોકો રાગ અને લય સાથે ગાવામાં આવે છે. તેથી સામવેદને 'સંગીતની ગંગોત્રી' કહે છે.

અથર્વવેદ

- અથર્વવેદમાં અનેક પ્રકારના કર્મકાંડો અને સંસ્કારોનું વર્ણન છે.





2. પ્રાચીન ભારતીય સાહિત્ય તરીકે વૈદિક સાહિત્યનો પરિચય આપો.

- વૈદિક સાહિત્યમાં ઋગ્વેદ, સામવેદ, અથર્વવેદ અને યજુર્વેદ - આ ચાર વેદો ઉપરાંત બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો, વેદાંગ વગેરેનો સમાવેશ થાય છે.

ઋગ્વેદ

- ઋગ્વેદ ભારતીય સાહિત્યનો પ્રાચીનતમ અને 10 ભાગમાં વહેંચાયેલો અદ્ભુત ગ્રંથ છે. તેમાં કુલ 1028 ઋચાઓ(સૂક્તો) છે. તેમાંથી મોટા ભાગની ઋચાઓ દેવોને લગતી સ્તુતિઓ છે.

સામવેદ

- સામવેદમાં ઋગ્વેદના છંદોનું ગાન કરવાની વિધિ દર્શાવી છે. તે 'સંગીતની ગંગોત્રી' કહેવાય છે.

યજુર્વેદ

- યજુર્વેદમાં યજ્ઞ વખતે બોલવામાં આવતા મંત્રો, ક્રિયાઓ અને વિધિઓ દર્શાવવામાં આવી છે.

અથર્વવેદ

- અથર્વવેદમાં અનેક પ્રકારના ક્રિયાકાંડો અને સંસ્કારોનું વર્ણન છે.

બ્રાહ્મણગ્રંથો

- બ્રાહ્મણગ્રંથોમાં વૈદિક મંત્રોના અર્થો આપ્યા છે. તેમાં વિવિધ યજ્ઞો અને તેને લગતી વિધિઓ માટેનું માર્ગદર્શન આપ્યું છે.

આરણ્યકગ્રંથો

- આરણ્યકગ્રંથો એ આર્યોએ જંગલમાં વસવાટ કરીને સતત ચિંતન કરીને રચેલું તત્ત્વજ્ઞાનથી સભર એવું સાહિત્ય છે.

ઉપનિષદો

- ઉપનિષદો ભારતીય દાર્શનિક સાહિત્ય ગણાય છે. તેમાં બ્રહ્માંડનો આરંભ, જીવન, મૃત્યુ, ભૌતિક અને આધ્યાત્મિક જગત, જ્ઞાન, પ્રકૃતિ તેમજ અનેક દાર્શનિક પ્રશ્નોનું વિવેચન કરવામાં આવ્યું છે.
- બૃહદારણ્યક અને છાંદોગ્ય પ્રારંભિક ઉપનિષદો છે.
- ઉપનિષદો સંવાદ સ્વરૂપે છે તેમાં સરળ અને સુંદર વાક્યોમાં ગહન વિચારો રજૂ થયેલા છે.

વેદાંગ

- આ સાહિત્યમાં કર્મકાંડો, જ્યોતિષ, વ્યાકરણ અને ખગોળશાસ્ત્રનો સમાવેશ થયેલો છે.


3. મહાકાવ્યો તરીકે રામાયણ અને મહાભારતની ચર્ચા કરો.

- રામાયણ અને મહાભારત ભારતનાં બે મુખ્ય મહાકાવ્યો છે.
- આ બંને મહાકાવ્યોની રચનામાં સેંકડો વર્ષો ગયાં હતા. ઈ. સ.ની 2જી સદીમાં આ મહાકાવ્યોનું વર્તમાન સ્વરૂપ મળ્યું હતું.
- મહાકવિ વાલ્મીકિરચિત રામાયણ એક મહાન સાહિત્યકૃતિ છે.
- તે મહાભારત કરતાં ઘણું નાનું છે.
- તેમાં અયોધ્યાના રાજા રામચંદ્રના જીવનપ્રસંગોની કથા છે.
- તેમાં અનેક દિલચસ્પ ઘટનાઓ અને સાહસોનું વર્ણન છે.
- મુનિ વેદવ્યાસરચિત મહાભારત વિશ્વનો સૌથી મોટો કાવ્યગ્રંથ છે.
- તેમાં લગભગ એક લાખ શ્લોકો છે.
- મહાભારતનો મુખ્ય મુદ્દો કૌરવો અને પાંડવો વચ્ચે થયેલ યુદ્ધ છે.
- એ યુદ્ધકથામાં અનેક નાની-મોટી વાર્તાઓને જોડવામાં આવી છે.
- ભારતના અમૂલ્ય વારસા સમાન 'શ્રીમદ્ભગવદ્ગીતા' પણ મહાભારતનો જ એક ભાગ છે.
- તેમાં જ્ઞાન, કર્મ અને ભક્તિ એ મોક્ષપ્રાપ્તિના ત્રણ માર્ગોનું વિવેચન કરવામાં આવ્યું છે.
- આ બંને મહાકાવ્યોએ સદીઓ સુધી ભારતના કરોડો લોકોના વિચારો અને સાહિત્ય-સર્જન પર ગાઢ અસર કરી છે.





4. પ્રાચીન સમયના બૌદ્ધ સાહિત્યનો પરિચય આપો.



- પ્રારંભિક બૌદ્ધ સાહિત્ય પાલી ભાષામાં લખાયું હતું.
- આ સાહિત્ય ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. તે 'ત્રિપિટક'ના નામે ઓળખાય છે.
- ત્રિપિટકના ત્રણ ભાગ આ પ્રમાણે છે. (1) સુત્ત(સૂત્ર) પિટક, (2) વિનય પિટક અને (3) અભિધમ્મ પિટક.
- સુત્ત(સૂત્ર) પિટકમાં મુખ્યત્વે બુદ્ધ અને તેમના શિષ્યો વચ્ચેના સંવાદો છે.
- વિનય પિટકમાં બૌદ્ધ સંઘના નિયમો આપવામાં આવ્યાં છે.



- રાજા મિનેન્ડર અને બૌદ્ધ તત્ત્વજ્ઞાની નાગસેન વચ્ચેના સંવાદોનો ગ્રંથ 'મિલિન્દ પન્હો' બૌદ્ધ સાહિત્યનો મહત્ત્વનો ગ્રંથ છે.
- અશ્વઘોષે 'બુદ્ધચરિત' સંસ્કૃત ભાષામાં રચ્યુ હતું.


5. પ્રાચીન ભારતીય સાહિત્યનો પરિચય આપો.


- 'ઋગ્વેદ' ભારતીય સાહિત્યનો અતિ પ્રાચીન અને 10 ભાગમાં વહેંચાયેલ અદ્ભુત ગ્રંથ છે. તેમાં કુલ 1028 ઋચાઓ છે. મોટા ભાગની ઋચાઓ દેવોને લગતી સ્તુતિઓ છે.
- ઋગ્વેદ પછી સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ - આ ત્રણ વેદો રચાયા. વેદો પછી બ્રાહ્મણગ્રંથો રચાયા.
- એ પછી ઉપનિષદો રચાયાં.
- આ સમયે વેદાંગ સાહિત્ય રચાયું. તેમાં કર્મકાંડ, જ્યોતિષ, વ્યાકરણ અને ખગોળશાસ્ત્ર જેવા વિષયોનો સમાવેશ થયેલો છે.
- આ સમયમાં મહાન વ્યાકરણશાસ્ત્રી પાણિનિએ સંસ્કૃત ભાષામાં 'અષ્ટાધ્યાયી' નામનો પ્રખ્યાત વ્યાકરણગ્રંથ તૈયાર કર્યો.
- પ્રાચીન ભારતીય સાહિત્યમાં મહાકાવ્યો તરીકે 'રામાયણ' અને 'મહાભારત' મુખ્ય છે.
- પ્રારંભિક બૌદ્ધ ધાર્મિક સાહિત્ય પાલિ ભાષામાં લખાયું. તેમાં 'ત્રિપિટક' તરીકે ઓળખાતાં 'સુત્ત (સૂત્ર) પિટક', 'વિનય પિટક' અને 'અભિધમ્મ પિટક' નામના ગ્રંથો મુખ્ય છે.
- બૌદ્ધ સાહિત્યમાં 'મિલિન્દ પન્હો' એક મહત્ત્વનો ગ્રંથ છે.
- ગુપ્તયુગ સંસ્કૃત સાહિત્યમાં કાવ્ય અને નાટકના વિકાસનો 'સુવર્ણયુગ' ગણાય છે. આ સમયમાં કવિવર કાલિદાસ, ભવભૂતિ, ભારવિ, ભર્તૃહરિ, બાણભટ્ટ, માઘ વગેરે મહાન સાહિત્યકારો થઇ ગયા.
- એ પછીના સમયમાં શંકરાચાર્યે 'ભાષ્ય'ની રચનાઓ કરી.
- પ્રાચીન યુગ દરમિયાન તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમ - એ ચાર દ્રવિડકુળની ભાષાઓમાં સાહિત્ય રચાયું. તેમાં તમિલ સૌથી પ્રાચીન ભાષા છે.




6. ગુપ્તયુગના સંસ્કૃત સાહિત્યનો પરિચય આપો. ગુપ્તયુગને સંસ્કૃત સાહિત્યનો સુવર્ણયુગ કહેવામાં આવે છે. વર્ણન કરો.

- ગુપ્તયુગ સંસ્કૃત સાહિત્યનાં કાવ્યો અને નાટકોનો સુવર્ણયુગ કહેવાય છે.
- આ સમયમાં મહાકવિ કાલિદાસ, ભવભૂતિ, ભારવિ, ભર્તૃહરિ, બાણભટ્ટ, માઘ વગેરે મહાન સાહિત્યકારો થઇ ગયા. આ બધા સમગ્ર ભારતમાં પ્રખ્યાત છે.
- એ સૌમાં મહાકવિ કાલિદાસને તેમની કાવ્યકલા અને ઉત્કૃષ્ટ શૈલીને કારણે વિશ્વપ્રસિદ્ધિ મળી છે. તેમણે 'અભિજ્ઞાનશાકુન્તલમ્', 'કુમારસંભવ', 'રઘુવંશ', 'મેઘદૂત', 'ઋતુસંહાર' નામની બેનમૂન કૃતિઓ રચી છે.
- આ સમયની અન્ય પ્રસિદ્ધ કૃતિઓમાં બાણભટ્ટરચિત 'હર્ષચરિત' અને 'કાદમ્બરી', ભવભૂતિરચિત 'ઉત્તરરામચરિત', ભારવિરચિત 'કિરાતાર્જુનીયમ્', વિશાખાદત્તરચિત 'મુદ્રારાક્ષસ', શૂદ્રકરચિત 'મૃચ્છકટિકમ્', દંડીરચિત 'દસકુમારચરિત' વગેરેનો સમાવેશ થાય છે.
- રાજકીય પ્રસંગો, પ્રણય પ્રસંગો, રૂપકો, હાસ્ય પ્રસંગો, તત્ત્વજ્ઞાન વગેરે આ ગ્રંથોના મુખ્ય વિષયો છે.







7. ગુજરાતી ગદ્ય-પદ્યસાહિત્ય વિશે નોંધ લખો.

- પ્રાચીન યુગથી જૂની ગુજરાતી ભાષામાં પદ્ય સાહિત્ય રચાતું હતું.
- સમય જતા ગુજરાતી ભાષાનો વિકાસ થતા અનેક કૃતિઓ રચાઇ.
- નરસિંહ મહેતાના ભક્તિસાહિત્યથી ગુજરાતી ભાષામાં પદ્યસાહિત્યનો પ્રારંભ થયો.
- મીરાંબાઇનાં પદો, અખાનાં છપ્પા, પ્રેમાનંદનાં આખ્યાનો, પ્રીતમનાં પદો, દયારામની ગરબીઓ વગેરેથી મધ્યયુગનું પદ્યસાહિત્ય સમૃદ્ધ બન્યું છે.



- અર્વાચીન યુગમાં ઉમાશંકર જોષી, ન્હાનાલાલ, સુંદરમ્ વગેરેએ પદ્યસાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે.
- અર્વાચીન સમયમાં નર્મદ, નવલરામ, કિશોરલાલ મશરૂવાળા, મહિપતરામ રૂપરામ, ગોવર્ધનરામ ત્રિપાઠી, પન્નાલાલ પટેલ વગેરે સાહિત્યકારોએ ગદ્યસાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે.




8. પ્રાચીન યુગના તમિલ સાહિત્યનો પરિચય આપો.



- પ્રાચીન યુગ દરમિયાન તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમ - એ ચાર દ્રવિડકુળની ભાષાઓમાં સાહિત્ય રચાયું.
- તેમાં તમિલ સૌથી જૂની ભાષા છે. તમિલ સાહિત્ય ઇ. સ.ના પ્રારંભના સમયમાં રચાયેલું છે.
- આ સમયમાં ભારતની પ્રચલિત પરંપરા મુજબ ત્રણ સંગમોની રચના થઇ.
- એ સંગમોના આશ્રયે અનેક સંતો અને કવિઓને પોતાની કૃતિઓ રચી, જે સંગમ સાહિત્ય તરીકે ઓળખાઇ.
- રાજનીતિ, યુદ્ધ, પ્રેમસંબંધ વગેરે સંગમ સાહિત્યના મુખ્ય વિષયો હતા.
- 'એત્તુથોકઇ' (આઠ કાવ્યોનું સંકલન), 'તોલકાપ્પિયમ્' (વ્યાકરણગ્રંથ) અને 'પથ્થુપાતુ' (દસ ગીતો) - એ ત્રણ સંગમ સાહિત્યના પ્રખ્યાત ગ્રંથો છે.
- કવિ તિરુવલ્લુવરે 'કુરલ' નામના પ્રખ્યાત કાવ્યસંગ્રહની રચના કરી. તેમાં જીવનનાં અનેક પાસાંનું વિવેચન કરવામાં આવ્યું છે.
- 'શીલપ્પતિકારમ્' અને 'મણિમેખલાઇ' પ્રારંભિક તમિલ સાહિત્યના પ્રખ્યાત ગ્રંથો છે.

9. મધ્યયુગના સંસ્કૃત સાહિત્યનો ટૂંકમાં પરિચય આપો.




- મધ્યયુગની શરૂઆતમાં કશ્મીરમાં સોમદેવે 'કથાસરિતસાગર' અને કલ્હણે 'રાજતરંગિણી' નામના મહાન ગ્રંથો રચ્યા.
- 'રાજતરંગિણી' કશ્મીરના ઇતિહાસને આલેખતો ઘણો મહત્ત્વનો ગ્રંથ છે. તે ભારતનો સર્વપ્રથમ ઐતિહાસિક ગ્રંથ છે.
- કવિ જયદેવે 'ગીતગોવિંદ' નામના કાવ્યગ્રંથની રચના કરી. આ કાવ્યસંગ્રહ સંસ્કૃત સાહિત્યનો અતિ સુંદર કાવ્યસંગ્રહ છે.
- દક્ષિણ ભારતમાં શંકરાચાર્યે 'ભાષ્ય'ની રચના કરી.


10. મધ્યકાલીન યુગના તમિલ સાહિત્યનો પરિચય આપો.

- મધ્યયુગ દરમિયાન દ્રવિડકુળની ભાષાઓમાં ઘણું તમિલ સાહિત્ય રચાયું.
- કન્નડ સાહિત્ય પર જૈન ધર્મની ગાઢ અસર થઇ. જૈન ધર્મની અસર હેઠળ કવિ પંપાએ જૈન તીર્થંકરોના જીવન આધારિત 'આદિપુરાણ' ગ્રંથ રચ્યો.
- કવિ પોન્નાએ સોળમા જૈન તીર્થંકર શાંતિનાથના જીવન પર 'શાંતિપુરાણ' નામનો ગ્રંથ તૈયાર કર્યો.
- કવિ રન્નાએ 'અજીતનાથ પુરાણ' અને 'ગદાયુદ્ધ' નામના ગ્રંથો રચ્યા.
- આ યુગના કવિઓ પંપા, પોન્ના અને રન્ના પ્રારંભિક કન્નડ સાહિત્યની 'ત્રિમૂર્તિ' ગણાય છે.
- કવિ કમ્બલે તમિલ ભાષામાં 'રામાયણમ્'ની રચના કરી.
- મધ્યયુગમાં મલયાલમ ભાષામાં સાહિત્ય રચવાની શરૂઆત થઇ હતી.

11. મધ્યયુગના ફારસી સાહિત્યનું વર્ણન કરો.


- મધ્યયુગના સલ્તનત કાળમાં ફારસી દિલ્લીના સુલતાનોની રાજભાષા હતી.
- ફારસી સાહિત્યની અસરને લીધે અનેક ફારસી શબ્દોનો સમાવેશ ભારતીય ભાષાઓમાં થયેલો છે.
- મધ્યયુગમાં અનેક ઈતિહાસકારો થઈ ગયા. ઈતિહાસકાર ઝીયાઉદ્દીન બરનીએ ખલજી અને તઘલક વંશના રાજ્યનું વિવરણ કરતો 'તારીખે-ફિરોજશાહી' અને રાજકીય સિદ્ધાંતો વિશે 'ફતવા-એ-જહાંદારી' નામના ગ્રંથો લખ્યા.
- એ સમયના સૌથી મહાન સાહિત્યકાર, ઈતિહાસકાર, રહસ્યવાદી સંત અને સંગીતકાર અમીર ખુશરોએ 'આસિકા', 'નૂર (નૂહ)', 'સિપિહર' અને 'કિરાતુલ-સદાયન' નામની કૃતિઓ રચી. તદુપરાંત, તેણે અનેક કાવ્યગ્રંથો પણ રચ્યા.
- દિલ્લીની આસપાસના પ્રદેશોમાં બોલાતી 'હિંદવી' ભાષાને અમીર ખુશરો પોતાની માતૃભાષા માનતો. એ ભાષામાં તેણે અનેક કાવ્યો રચ્યાં.
- તેણે હિંદી અને ફારસીના મિશ્રણવાળી દ્વિભાષી ચોપાઈઓ અને દુહા રચ્યાં હતાં.





12. અમીર ખુશરોનો પરિચય આપો.

- અમીર ખુશરો દિલ્લીના સલ્તનતકાળનો સૌથી મહાન સાહિત્યકાર ગણાય છે.
- તે એક કવિ, ઈતિહાસકાર, સંગીતકાર અને રહસ્યવાદી સંત હતો.
- અમીર ખુશરો સુપ્રસિદ્ધ હઝરત નિઝામુદ્દિન ઓલિયાનો શિષ્ય હતો.
- તે ફારસી અને સંસ્કૃત ભાષાનો વિદ્વાન હતો. 'આસિકા', 'નૂર' (નૂહ), 'સિપિહર' અને 'કિરાતુલ-સદાયન' તેની જાણીતી કૃતિઓ છે. આ ઉપરાંત, તેણે અનેક કાવ્યગ્રંથો પણ રચ્યા હતા.
- અમીર ખુશરોને ભારતીય હોવાનો ગર્વ હતો. તેથી તે ભારતને પૃથ્વી પરનું સ્વર્ગ માનતો હતો.
- તેણે પોતાનાં પુસ્તકોમાં ભારતનું વાતાવરણ, તેની સુંદરતા, ઇમારતો અને જ્ઞાન-વિજ્ઞાનનાં ભારોભાર વખાણ કર્યાં છે.
- તે દઢપણે માનતો હતો કે હિંદુ ધર્મનું સારતત્ત્વ અનેક દષ્ટિએ ઇસ્લામ સાથે મળતું આવે છે.
- તે દિલ્લીની આજુબાજુના વિસ્તારોમાં બોલાતી 'હિંદવી' ભાષાને પોતાની માતૃભાષા માનતો હતો. હિંદવીમાં તેણે અનેક કાવ્યો રચ્યાં હતાં.
- તેણે હિંદી અને ફારસીનું સંમિશ્રણ કરીને દ્વિભાષી ચોપાઇઓ અને દોહા રચ્યા હતા.





13. મધ્યયુગના પ્રાદેશિક ભાષાઓના સાહિત્ય વિશે નોંધ લખો.


- મધ્યયુગ દરમિયાન બંગાળ, ગુજરાત અને અન્ય રાજ્યોના સુલતાનોએ સ્થાનિક ભાષાઓ અને સાહિત્યને રાજ્યાશ્રય આપ્યો હતો.
- કબીર જેવા ભક્તિમાર્ગના અનેક સંતકવિઓએ લોકભાષામાં ઉપદેશ આપ્યો. સધુંકડી(સધુક્કડી)માં લખાયેલ કબીરના દોહા લોકસાહિત્યનું અંગ બન્યા.
- આ સમયમાં ભોજપુરી અને અવધિ હિંદી ભાષાની મુખ્ય બોલીઓ હતી.
- અવધિ ભાષામાં મલિક મુહમ્મદ જાયસીએ ‘પદ્માવત’ નામનું મહાકાવ્ય, સંત તુલસીદાસે ‘રામચરિતમાનસ’ નામનો સુપ્રસિદ્ધ ગ્રંથ લખ્યો.
- બંગાળના સુલતાનોનું પ્રોત્સાહન મળવાથી બંગાળીમાં કૃત્તિવાસે ‘રામાયણ’, કવિ ચંડીદાસે સેંકડો ગીતો રચ્યાં.
- બંગાળમાં સંત ચૈતન્ય મહાપ્રભુથી ભક્તિગીતો લખવાની પરંપરા શરૂ થઇ.
- નરસિંહ મહેતાએ ગુજરાતી ભાષામાં અને સંત નામદેવે અને સંત એકનાથે મરાઠી ભાષામાં ભક્તિગીતો રચ્યાં.
- કશ્મીરમાં જૈનુલ અબિદિનના આશ્રયે ‘મહાભારત’ અને ‘રાજતરંગિણી’ જેવા સંસ્કૃત ગ્રંથોનો ફારસીમાં અનુવાદ થયો.


14. મધ્યયુગના મુઘલકાલીન સાહિત્યનો પરિચય આપો.

- મુઘલ બાદશાહ બાબરે તુર્કી ભાષામાં ‘તુઝુકે બાબરી (ફારસીમાં ‘બાબરનામા’) અને બાદશાહ જહાંગીરે ‘તુઝુકે જહાંગીરી’ નામની આત્મકથાઓ લખી.
- હુમાયુની બહેન ગુલબદન બેગમે હુમાયુની આત્મકથા ‘હુમાયુનામા’ લખી.
- બાદશાહ ઔરંગઝેબ સિદ્ધહસ્ત લેખક હતો.
- છેલ્લો મુઘલ બાદશાહ બહાદુરશાહ ઝફર એક પ્રખ્યાત ઉર્દૂ કવિ હતો.
- બાદશાહ અકબરના સમયમાં તુલસીદાસ, સૂરદાસ, કેશવદાસ, રહીમ વગેરે હિંદી ભાષાના મહાન સાહિત્યકારો થઇ ગયા. દેશના ઘણા ભાગોમાં રહીમના દોહા આજે પણ પ્રસિદ્ધ છે.
- બાદશાહ અકબરે ‘મહાભારત’, ‘રામાયણ’, ‘અથર્વવેદ’, ‘ભગવદ્ગીતા’, ‘પંચતંત્ર’ વગેરે ગ્રંથોનો અનુવાદ કરવા માટે એક સ્વતંત્ર ખાતાની રચના કરી હતી.
- એ સમયે અબુલ ફઝલે ફારસી ભાષામાં ‘આયને-અકબરી’ નામનો ઐતિહાસિક ગ્રંથ લખ્યો તેમજ તેણે અકબરની આત્મકથા ‘અકબરનામા’ લખી.
- અબુલ ફઝલનો ભાઇ ફૈઝી ફારસી ભાષાનો મહાન કવિ હતો. તેણે અનેક સંસ્કૃત ગ્રંથોનો ફારસીમાં અનુવાદ કર્યો હતો.









15. ભારતમાં ઉર્દૂ ભાષાના વિકાસનો પરિચય આપો.

- ભારતમાં ઉર્દૂ ભાષાનો જન્મ મધ્યયુગ દરમિયાન થયો હતો.
- સમય જતાં આ નવી ભાષા સાહિત્યની દૃષ્ટિએ સૌથી સમૃદ્ધ ગણાતી ભારતની અન્ય ભાષાઓની સમકક્ષ બની.
- ઉર્દૂ ભાષામાં વલી, મીરદર્દ, મીરતકી મીર, નઝીર અકબરાબાદી, અસદુલ્લાખાન, ગાલીબ વગેરે મહાન કવિઓ થયા.
- 18મી સદીમાં ઉર્દૂ-ગદ્ય વિકસ્યું. સંસ્કૃતના મોટા ભાગના ઐતિહાસિક ગ્રંથોનું ઉર્દૂમાં ભાષાંતર થવા લાગ્યું.
- ઉર્દૂમાં અનેક મૌલિક ગદ્યગ્રંથો રચાયા, જેમાં મુહંમદહુસેન આઝાદરચિત ‘દરબારે અકબરી’ એક મહત્ત્વનો ગ્રંથ છે.
- આ સમયમાં ભારતીય ભાષાઓમાં થયેલા નવલકથાના વિકાસની સાથે ઉર્દૂ નવલકથાઓનો પણ વિકાસ થયો.

16. મધ્યકાલીન સાહિત્યની ચર્ચા કરો.

- મધ્યયુગના આરંભમાં ઉત્તર ભારતમાં સંસ્કૃત ભાષામાં સાહિત્ય રચાયું.
- આ યુગમાં અપભ્રંશ ભાષામાંથી આધુનિક ભારતીય ભાષાઓનો વિકાસ થયો.
- મધ્યયુગ દરમિયાન દ્રવિડકુળની ભાષાઓમાં ઘણું તમિલ સાહિત્ય રચાયું.
- આ સમય દરમિયાન તેલુગુ ભાષામાં રામાયણ અને મહાભારતનું ભાષાંતર થયું તેમજ વ્યાકરણગ્રંથો, વિજ્ઞાનવિષયક ગ્રંથો અને કેટલાંક લૌકિક સાહિત્યના ગ્રંથો રચાયા.
- મધ્યયુગમાં મલયાલમ ભાષામાં સાહિત્ય રચવાનું શરૂ થયું હતું.
- દિલ્લીના સલ્તનતકાળ દરમિયાન હિંદી ભાષાના બે સ્વરૂપો - વ્રજ અને ખડીબોલીમાં અનેક ભક્તિગીતો રચાયાં.
- રાજસ્થાની ભાષામાં ‘આલ્હા’, ‘ઉદલ’, ‘બીસલદેવરાસો’ નામની પ્રખ્યાત વીરગાથાઓ રચાઇ.
- મુલ્લા દાઉદરચિત ‘ચંદ્રાયન’ અવધ ભાષાનો સૌથી જૂનો ગ્રંથ મનાય છે.
- સલ્તનતકાળમાં ફારસી દિલ્લીના સુલતાનોની રાજભાષા હતી.
- તેના સાહિત્યની અસરરૂપે અનેક ફારસી શબ્દોનો ભારતીય ભાષાઓમાં સમાવેશ થયેલો છે.
- કબીર જેવા ભક્તિમાર્ગના અનેક સંત કવિઓએ લોકભાષામાં ઉપદેશ આપ્યો. કબીરના દોહરા લોકસાહિત્ય તરીકે જાણીતા બન્યા. કબીરની રચનાઓ મુખ્યત્વે સુધંકડી (સધુક્કડી) લોકબોલીમાં છે.
- આ સમયમાં અવધિ ભાષામાં મલિક મુહમ્મદ જાયસીએ ‘પદ્માવત’ નામનું મહાકાવ્ય અને સંત તુલસીદાસે ‘રામચરિતમાનસ’ નામનો પ્રસિદ્ધ ગ્રંથ લખ્યો.
- બંગાળના સુલતાનોનું પ્રોત્સાહન મળવાથી બંગાળીમાં કૃત્તિવાસે ‘રામાયણ’, કવિ ચંડીદાસે ગીતો, સંત ચૈતન્યે ભક્તિગીતો રચ્યાં.
- નરસિંહ મહેતાએ ગુજરાતી ભાષામાં અને નામદેવ તથા એકનાથે મરાઠી ભાષામાં તેમજ મીરાંબાઇએ રાજસ્થાની અને ગુજરાતીમાં પ્રખ્યાત ભક્તિપદો રચ્યાં.
- કશ્મીરમાં જૈનુલ અબિદિનના આશ્રયે ‘મહાભારત’ અને ‘રાજતરંગિણી’ જેવા સંસ્કૃત ગ્રંથોનો ફારસીમાં અનુવાદ થયો.
- વિજયનગરના મહાન સમ્રાટ કૃષ્ણદેવરાયે ‘આમુક્તમાલ્યદા’ નામનો ગ્રંથ રચ્યો.

- મુઘલ બાદશાહ બાબરે 'તુઝુકે બાબરી' અને બાદશાહ જહાંગીરે 'તુઝુકે જહાંગીરી' નામની આત્મકથાઓ તુર્કી ભાષામાં લખી. હુમાયુની બહેન ગુલબદન બેગમે હુમાયુની આત્મકથા 'હુમાયુનામા' લખી.
- બાદશાહ અકબરના સમયમાં અબુલ ફઝલે ફારસી ભાષામાં 'આયને-અકબરી' નામનો ઐતિહાસિક ગ્રંથ લખ્યો તેમજ તેણે અકબરની આત્મકથા 'અકબરનામા' લખી. અબુલ ફઝલનો ભાઈ ફૈઝી ફારસી ભાષાનો મહાન કવિ હતો. તેણે અનેક સંસ્કૃત ગ્રંથોના ફારસી ભાષામાં અનુવાદ કર્યા હતા. અકબરે સંસ્કૃત ગ્રંથોનો અનુવાદ કરવા માટે એક અલગ ખાતાની રચના કરી હતી. અકબરના સમયમાં ઈતિહાસના અનેક ગ્રંથો રચાયા હતા.
- છેલ્લો મુઘલ બાદશાહ બહાદુરશાહ ઝફર ઉર્દૂ ભાષાનો કવિ હતો.
- મધ્યયુગ દરમિયાન ઉર્દૂ ભાષાનો જન્મ થયો, જે ભાષા-સાહિત્યની એક મહત્વની ઘટના ગણાય છે. આ ભાષામાં વલી, મીરદર્દ, મીરતકી મીર, નઝીર અકબરાબાદી, અસદુલ્લાખાન, ગાલીબ વગેરે મહાન કવિઓ થઈ ગયા.
- 18મી સદી દરમિયાન ઉર્દૂ ગ્રંથો લખાયા, જેમાં મુહંમદ હુસેન આઝાદનો 'દરબારે અકબરી' એક મહત્ત્વનો ગ્રંથ છે.

17. નાલંદા વિદ્યાપીઠ વિશે માહિતી આપો.

- નાલંદા વિદ્યાપીઠ બિહાર રાજ્યના પટના જિલ્લાના બડગાંવ ગામ પાસે આવેલી હતી.
- તે બૌદ્ધ ધર્મનું કેન્દ્ર હતું. 5મી સદીમાં કુમારગુપ્ત રાજાએ અહીં એક વિહાર બંધાવ્યો હતો.
- મહાવીર સ્વામીએ અહીં ચૌદ ચાતુર્માસ કર્યા હતા. તેથી તે જૈન ધર્મનું તીર્થ બન્યું હતું.
- ઈસુની 5મીથી 7મી સદી દરમિયાન નાલંદા વિદ્યાપીઠ શિક્ષણધામ તરીકે ખુબ પ્રસિદ્ધ હતી. દેશ-પરદેશથી અનેક વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ અને સંશોધન માટે આવતા.
- આ વિદ્યાપીઠમાં હજારો હસ્તલિખિત ગ્રંથોના અમૂલ્ય ભંડાર હતા. અહીં વિશ્વના શ્રેષ્ઠતમ ગણાય તેવાં ગ્રંથાલયો હતા. અહીંનો ગ્રંથાલય વિસ્તાર 'ધર્મગંજ'ના નામથી ઓળખાતો હતો.
- 7મી સદીમાં ચીની પ્રવાસી યુઅન-શ્વાંગે આ વિદ્યાપીઠમાં રહી બૌદ્ધ ધર્મનાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. તે ચીન પાછો ગયો ત્યારે 657 જેટલા હસ્તલિખિત ગ્રંથો પોતાની સાથે લઈ ગયો હતો.
- નાલંદા વિદ્યાપીઠમાં સાત મોટા ખંડો હતા. તેમાં આશરે 300 વ્યાખ્યાનખંડો હતા. વિદ્યાર્થીઓને રહેવા માટે મઠો હતા. વિદ્યાપીઠના નિભાવ માટે દાનમાં મળેલાં અનેક ગામોની આવકમાંથી વિદ્યાર્થીઓને રહેઠાણ, ભોજન અને વસ્ત્રો વિનામૂલ્યે પૂરાં પાડવામાં આવતાં હતાં.
- લગભગ 700 વર્ષ સુધી દેશ-પરદેશમાં જ્ઞાનની અખંડ જ્યોત ફેલાવનાર નાલંદા વિદ્યાપીઠના આજે માત્ર ભગ્ન અવશેષો ભારતની ભવ્ય સંસ્કૃતિની પ્રતીતિ કરાવે છે.



18. તક્ષશિલા વિદ્યાપીઠ વિશે નોંધ લખો.

- તક્ષશિલા વિદ્યાપીઠ હાલના પાકિસ્તાનમાં આવેલ રાવલપિંડીની પશ્ચિમે આવેલી હતી. તક્ષશિલા પ્રાચીન ગાંધાર પ્રદેશની રાજધાનીનું શહેર હતું.
- સાતમા સૈકામાં તે ભારતના મહત્ત્વના વિદ્યાકેન્દ્ર તરીકે જાણીતું હતું.
- એક દંતકથા (મૌખિક વાર્તા) પ્રમાણે રઘુવંશી ભગવાન રામના ભાઇ ભરતના પુત્ર તક્ષના નામ પરથી આ સ્થળનું નામ તક્ષશિલા પડ્યું હોવાનું મનાય છે.
- તક્ષશિલા વિદ્યાપીઠમાં વેદ, શસ્ત્રક્રિયા, ગજવિદ્યા, ધનુર્વિદ્યા, વ્યાકરણ, તત્ત્વજ્ઞાન, યુદ્ધવિદ્યા, ખગોળશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર વગેરે કુલ 64 વિદ્યાઓનું શિક્ષણ આપવામાં આવતું હતું.
- વારાણસી, રાજગૃહ, મિથિલા, ઉજ્જૈન વગેરે દૂરનાં શહેરોમાંથી વિદ્યાર્થીઓ આ વિદ્યાપીઠમાં અભ્યાસ માટે આવતા.
- ભગવાન બુદ્ધના શિષ્ય જીવકે આ વિદ્યાપીઠમાં આયુર્વેદનું શિક્ષણ લીધું હતું. અર્થશાસ્ત્રના રચયિતા અને રાજનીતિજ્ઞ કૌટિલ્યે, મૌર્ય વંશના સ્થાપક ચંદ્રગુપ્ત મૌર્યે, કૌશલના રાજા પ્રસેનજિતે અને વ્યાકરણશાસ્ત્રી પાણિનિએ આ વિદ્યાપીઠમાં શિક્ષણ લીધું હતું.
- તક્ષશિલા વિદ્યાપીઠમાં વિદ્યાર્થીને તેની પસંદગી અને રસના વિષયમાં શિક્ષણ આપવામાં આવતું.
- પાંચમી સીદીની શરૂઆતમાં ચીની પ્રવાસી ફાહિયાને તક્ષશિલા વિદ્યાપીઠની મુલાકાત લીધી હતી.



19. ભારતના પ્રસિદ્ધ વિદ્યાધામ વારાણસી(કાશી)નો પરિચય આપો.

- પ્રખ્યાત યાત્રાધામ વારાણસી (કાશી) ઇ. સ. પૂર્વે 7મા સૈકામાં ભારતનું પ્રસિદ્ધ વિદ્યાધામ હતું.
- ઉપનિષદ કાળમાં તે આર્ય સંસ્કૃતિ અને હિંદુ ધર્મના કેન્દ્ર તરીકે વિકસ્યું હતું.
- આ સમયમાં અહીંના રાજા અજાતશત્રુ તત્ત્વજ્ઞાની અને વિદ્યાપ્રેમી હતા. મહર્ષિ વેદવ્યાસનો આશ્રમ વારાણસી (કાશી) હોવાનો ઉલ્લેખ વ્યાસસંહિતામાં જોવા મળે છે.
- ભગવાન બુદ્ધે વારાણસી(કાશી)માં બોદ્ધ ધર્મનો પ્રચાર અને પ્રસાર કર્યો હતો.
- મહાન તત્વજ્ઞાની આદી શંકરાચાર્ય તેમના વેદાંતના નૂતન સિદ્ધાંતની સ્વીકૃતિ માટે અહીં આવ્યા હતા.
- ચૈતન્ય મહાપ્રભુ તેમજ પુષ્ટિમાર્ગના પ્રવર્તક વલ્લભાચાર્યનો વૈષ્ણવ સંપ્રદાય વારાણસી(કાશી)માં પ્રતિષ્ઠિત બન્યો હતો.
- સમ્રાટ અશોકના આશ્રયથી વારાણસી(કાશી)નો સારનાથ મઠ પ્રસિદ્ધ વિદ્યાધામ બન્યો હતો.



20. વલભી વિદ્યાપીઠની માહિતી આપો.

- વલભી વિદ્યાપીઠ ઇ. સ. 7મી સદીમાં ગુજરાતનું પ્રસિદ્ધ શિક્ષણકેન્દ્ર હતું.
- ભાવનગર પાસેનું વલભીપુર એ સમયે મૈત્રક વંશના તત્કાલીન શાસકોની રાજધાનીનું નગર તેમજ ધીકતું આંતરરાષ્ટ્રીય બંદર હતું.
- વલભીપુરને પ્રસિદ્ધ વિદ્યાધામ બનાવવામાં મૈત્રક રાજાઓ અને શ્રીમંત નાગરિકો - શ્રેષ્ઠીઓનો ફાળો ખૂબ મોટો હતો.
- વલભીના મૈત્રક રાજાઓ આ વિદ્યાપીઠના મોટા આશ્રયદાતાઓ હતા. તેઓ બૌદ્ધ ધર્મી નહોતા, સનાતની હતા; છતાં તેઓ વિદ્યાપીઠને દાન કરતા હતા. એ દાનમાંથી વિદ્યાલયનો નિભાવ થતો હતો.
- વલભી વિદ્યાપીઠમાં હજારો બૌદ્ધ સાધુઓ અને બ્રાહ્મણ વિદ્યાર્થીઓ તેમજ દેશ-વિદેશમાંથી અનેક વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે આવતા.
- એ સમયે વલભી વિદ્યાપીઠ બૌદ્ધ ધર્મના હીનયાન પંથનું કેન્દ્ર હતું. અહીં, બૌદ્ધ ધર્મ ઉપરાંત બીજા ધર્મોનું પણ શિક્ષણ આપવામાં આવતું.
- 7માં સૈકાની મધ્યમાં બૌદ્ધ વિદ્વાનો સ્થિરમતિ અને ગુણમતિ આ વિદ્યાપીઠના પ્રસિદ્ધ આચાર્યો હતા. અહીંના પ્રખ્યાત વિદ્વાનોનાં નામ વિદ્યાપીઠના દરવાજા પર લખવામાં આવતા.
- આ વિદ્યાપીઠમાં અભ્યાસ પૂરો કરનાર વિદ્વાનોની રાજ્યના ઊંચા હોદ્દા પર નિમણૂક થતી.
- ચીની પ્રવાસી ઇત્સિંગે લખ્યું છે કે, વલભી વિદ્યાપીઠ પૂર્વ ભારતની પ્રસિદ્ધ શિક્ષણસંસ્થા નાલંદા સાથે સ્પર્ધા કરતી હતી. તે નાલંદા જેટલી જ ખ્યાતિ ધરાવતી હતી.
- આરબોના આક્રમણને કારણે મૈત્રક વંશનો અંત આવ્યો. એ પછી વલભી વિદ્યાપીઠની કીર્તિ ઝાંખી પડી ગઇ અને થોડા સમય પછી વિદ્યાપીઠનો અંત આવ્યો.

